ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૪ ટકા

# મતદાન પૂર્વે મતદાર યાદીમાં છબરડા...!!

## સે-૨૨માં રહેતા મહિલા કોર્પોરેટર અને તેમના પતિને સે-૨માં મતદાન કરવા જવું પડશે : સે-૨ના યુવા દંપતિના અરજી ફોર્મ કચેરીમાંથી ગાયબ!!

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાન આડે ગણતરીનો સમય જ બાકી રહ્યો છે ત્યારે બીજી તરફ મતદારયાદીમાં એક પછી એક ગફલતો બહાર આવી રહી છે. ગાંધીનગરના કેટલાક મતદારોને હજુ સુધી ચૂંટણી પંચનું ઓળખપત્ર મળ્યું નથી તો કેટલા મતદારોના નામ અન્ય વોર્ડની મતદાર યાદીમાં પહોંચી જવા પામ્યા છે. આ છબરડાને કારણે શહેરના એક મહિલા કોર્પોરેટરને તેમના વોર્ડના બુથને બદલે શહેરના અન્ય વોર્ડના બુથ પર જઈને મતદાન કરવું પડશે જયારે સે-૨ના એક યુવા દંપતિના નવા ચૂંટણી કાર્ડના ફોર્મ કચેરીમાંથી ગુમ થઈ જવા પામ્યા છે.

ગાંધીનગરની બેઠકોનો સમાવેશ જેમાં થાય છે તેવા બીજા તબક્કાનું મતદાન ગુરૂવારે યોજાવાનું છે પરંતુ હજુ સુધી ચૂંટણી પંચ દ્વારા મોટી મોટી જાહેરાતો છતાં મતદારયાદીના છબરડા ઉકેલાયા નથી. ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૧ના એક મહિલા કોર્પોરેટર જેઓ પહેલા સેકટર-૨૮માં રહેતા હતા અને હવે સેકટર-૨૨માં રહેવા ગયા છે. આ કોર્પોરેટર તથા તેમના પતિના ચૂંટણી કાર્ડમાં સરનામું સુધારવા તેમણે અરજી આપી હતી



ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭

તે સાથે તેમની બે દિકરીઓ પણ મતદાન કરવાને લાયક થતા તેમના નવા ચૂંટણી કાર્ડ કઢાવવા અરજી કરી હતી. પરંતુ કોર્પોરેટર તથા તેમના પતિનું સે-૨૮ની મતદારયાદીમાંથી તો નામ નીકળી ગયું પરંતુ સેકટર-૨૨ની યાદીમાં ઉમેરાયું નથી. ખૂબ તપાસના અંતે આ દંપતિના નામ સે-૨ની મતદારયાદીમાં ટ્રાન્સફર કરાયા હોવાનું મળી આવ્યું છે. જેના લીધે હવે તેમને સે-૨૨ના બદલે સે-૨માં મતદાન કરવા જવું પડશે.

આવા જ એક બીજા કિસ્સામાં સેકટર-૨માં રહેતા એક યુવાને તેના જુના ચૂંટણી કાર્ડમાં નામ-સરનામામાં ભૂલો હોવાથી તેને સુધારવા ફોર્મ ભર્યું હતું. આ સાથે તેના લગ્ન પણ નજીકના ભૂતકાળમાં થયા હોવાથી તેની પત્નિએ પણ નવું ચૂંટણી કાર્ડ કઢાવવા અરજી નિયત સમયમાં જ આપી હતી. આમ છતાં હજુ સુધી બંનેના ચૂંટણી કાર્ડ ના મળતા તેમણે કલેકટર કચેરીએ જઈને તપાસ કરતા ઓફિસમાંથી તેમના ફોર્મ જ ખોવાઈ ગયા હોવાનું માલુમ પડયું હતું. બંને પાસે તેમણે ભરેલા ફોર્મની પાવતી છે પરંતુ કલેકટર કચેરીમાં તેમના નામનો ડિસ્પેચ રજીસ્ટર કે અન્ય કોઈ રજીસ્ટરમાં ઉલ્લેખ જોવા મળતો નથી તથા તેમના ભરેલા ફોર્મ પણ કર્મચારીઓને મળતા નથી. આમ સરકારી ઓફિસમાંથી ફોર્મ ગેરવલ્લે થતા દંપતિ અવાક બની ગયું છે અને આ છબરડાને કારણે પત્નિને વોટ આપવાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે.

# ગુજરાતમાં રાહુલ ગાંધીને નમોના લીધે નમવુ પડે છે : સ્મૃતિ ઈરાની

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ચૂંટણી જંગ બરાબરનો જામ્યો છે. રાજકીય પક્ષોના ઉમેદવારોને ચૂંટણી પ્રચાર માટે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષોએ પ્રચાર માટે સ્ટાર પ્રચારકો બોલાવ્યા છે. ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો દ્વારા સભાઓ યોજાઈ રહી છે. ત્યારે ગાંધીનગર શહેરને અડીને આવેલા રાંધેજા ગામે રવિવારની સાંજે ભાજપના રાષ્ટ્રીય સ્ટાર પ્રચારક અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીની સભા યોજાઈ હતી. જેમાં રાંધેજાના ગ્રામજનો મોટી સંખ્યામાં સ્મૃતિજીને સાંભળવા હાજર રહ્યા હતા.

રાંધેજા ખાતે ઉપસ્થિત જનમેદીને સંબોધતા સ્મૃતિ ઈરાનીએ કહ્યું હતું કે અત્યારે હાલ ગુજરાતમાં કોંગ્રેસ જાતિવાદને આધારે ચૂંટણી લડી રહી છે. ભાઈ-ભાઈ વચ્ચે ઝગડો કરાવે છે, તેમને એવું લાગી રહ્યું છે કે થોડા દિવસ ગુજરાતમાં ફરીએ એટલે ગુજરાતીઓના દિલ જીતી લઈશુ, પરંતુ રાહુલ ગાંધીને ગાંધીના ગુજરાતમાં નમોના લીધે







ઠેરઠેર નમવુ પડે છે. સ્મૃતિજીએ કોંગ્રેસ પર આક્ષેપ કરતા જણાવ્યુ કે સોમનાથ મંદિરના નિર્માણ માટે નહેરૂ ના પાડતા હતા. પરંતુ તેમના પૌત્રને તે સોમનાથદાદાના દર્શને આવવું પડે છે. સોમનાથ મંદિરે રાજકારણ કરવા ગયા હતા. પરંતુ તેમની સચ્ચાઈ કાગળ પેનથી બહાર આવી ગઈ. ગુજરાતમાં આ ચૂંટણી સાધારણ નથી. ગુજરાતનો પનોતો પુત્ર કોંગ્રેસની ગાળો ખાવા છતા દેશનો વડાપ્રધાન બની ગયો તે વાત તેઓ સહન કરી શકતા નથી. ચા વાળો કોઈ દિવસ વડાપ્રધાન ન બની શકે તેવુ કોંગ્રેસવાળા કહેતા હતા ત્યારે ગુજરાતીઓએ સંકલ્પ કર્યો હતો કે આ જ ગુજરાતી વડાપ્રધાન બનશે. ગુજરાતીઓ શું કરી શકે છે તે યુપીમાં જણાવી દીધુ.

કોંગ્રેસ પર ચાબખા મારતા તેઓએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધી પોતાના મત વિસ્તારમાં સાદી ટ્રેન નાંખી શકતા નથી અને ગુજરાતમાં બુલેટ ટ્રેનની ઈર્ષા આવે છે. તેઓને વિકાસ દેખાતો નથી કારણ કે કેન્દ્રમાં ભાજપ સરકાર આવવાથી ૨ લાખથી વધુ ફર્જી કંપની બંધ થઈ ગઈ છે. તે દુઃખ કોંગ્રેસ સહન કરી શકતી નથી. પાંચ હજાર કરોડથી વધુ રૂપિયા કોંગ્રેસીઓના ખિસ્સામાં જતા હતા તે હવે બંધ થઈને ગરીબોના ખાતામાં જાય છે. ભાજપ ગરીબોના ઘરે જાય તો રોટલા આપીને આવે છે. તેઓના રોટલા લઈને આવતા નથી. જ્યારે જે.એન.યુ.માં ભારત વિરોધી સુત્રોચ્ચાર કરનારાઓ સાથે રાહુલ ગાંધી ઉભા હતા. સર્જીકલ સ્ટ્રાઈક, ડોકલામ મુદ્દે રાહુલ ગાંધી વાંધા ઉભા કરે છે. તેઓએ રાંધેજાવાસીઓને શા માટે કમળને મત... તેમ કહેતા જણાવ્યું કે કમળના નિશાનની સન્માન વધે. પ્રસુતા મહિલાઓને બાળક સાથે ખિલખિલાટ વાન મુકવા આવે તે માટે કમળને મત, અકસ્માત થાય અને ૧૦૮ આવે માટે કમળને મત અને ગુજરાતીના ઘરમાં લક્ષ્મી જોઈએ તો કમળને મત. કારણ કે લક્ષ્મીજીનું વાહન કમળ છે અને કમળ પર બેસીને લક્ષ્મીજી ઘરે આવે છે. આ સભામાં ઉમેદવાર અશોકભાઈ પટેલ સહિત ગાંધીનગર શહેર ભાજપના હોદ્દેદારો, પૂર્વમંત્રી વાડીભાઈ પટેલ, ગુડા ચેરમેન આશિષભાઈ દવે, કોર્પોરેટર નિતિનભાઈ પટેલ, એપીએમસીના ચેરમેન રસિકભાઈ પટેલ, રૂચિર ભટ્ટ, સ્ટે. કમિટી ચેરમેન મનુભાઈ પટેલ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## @ગાંધીનગર

● ઐતિહાસિક પરિવર્તન મહાસભા સવારે ૯.૦૦ કલાકે શ્રી વરદાયિની માતાના મંદિરની બાજુમાં રૂપાલ ખાતે યોજાશે.

● કોંગ્રેસ પક્ષની બાઈક રેલી બપોરે ૨.૦૦ કલાકે આશીર્વાદ હોસ્પિટલ દહેગામ ખાતેથી નીકળશે બાઈક રેલીમાં ફિલ્મ કલાકાર રાજ બબ્બરની ખાસ ઉપસ્થિતિ રહેશે.

● ભારતીય જનતા પાર્ટી દ્વારા ભવ્ય રોડ શૉ સવારે ૮ કલાકે સે-૧ના તળાવથી નીકળશે. જેમાં ફિલ્મ કલાકાર પરેશ રાવલ, અવની મોદી, જનક ઠક્કર ખાસ ઉપસ્થિત રહેશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં સવારના સમયે વાતાવરણ વાદળછાયું બનવા સાથે વરસાદી છાંટા પડયા હતા. જેથી ઉમેદવારો તથા રાજકીય પક્ષોના હોદ્દેદારો ચિંતામાં ગરકાવ થયા હતા. જો કે બપોર થતા સુધીમાં વાતાવરણ સુધરી જતા બધાના જીવમાં જીવ આવ્યો હતો.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં X - Ray વિભાગમાં અવ્યવસ્થા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બહાર ગામથી આવતા દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. ખાસ કરીને X-ray વિભાગમાં કોઈ વ્યવસ્થા નથી. કેસ કઢાવ્યા પછી ડોકટરને બતાવી X-ray નું કહેતા રજિસ્ટ્રેશન નોંધાવી પૈસા ભરીને X-ray રૂમમાં જવાનું કહેવામાં આવે છે. પરંતુ આ X-ray રૂમમાં કોઈ વ્યવસ્થા નથી. કોઈ લાઈન કે કોઈ ક્રમ મુજબ દર્દીને લેવામાં આવતા નથી. પરિણામે અહીં રોજ સવાર સાંજ ભીડ થાય છે. અને દર્દીઓને લાંબી લાંબી લાઈનમાં બેસતા ખુબ તકલીફ પડે છે. અહીં કોઈ ડોકટર કે નર્સ પણ નથી. ઘણી વખત સવારથી લાઈનમાં બેઠેલા દર્દીનો વારો છેક સાંજેય આવતો નથી અને સાંજે જ કેસ કઢાવનાર ઓળખાણથી કે વચ્ચે આવીને X-ray કઢાવી જાય છે. ક્યારેક સવારથી લાઈનમાં ઉભેલા દર્દીનો છેક સાંજે ૬ પછી વારો આવે અને X-ray એના હાથમાં આવે ત્યારે ડોકટર જતા રહ્યા હોય છે. પરિણામે દર્દીને બીજા દિવસે આવીને ફરી લાઈનમાં ઉભા રહેવું પડે છે. સિવિલ હોસ્પિટલ તંત્રએ તથા આરોગ્ય વિભાગે આ અંગે તાત્કાલિક વ્યવસ્થા ગોઠવવી જોઈએ એવું પ્રજા ઈચ્છી રહી છે.

# ઘરેથી હાંકી મુકેલા વૃદ્ધા હાલોલથી લોદરા આવી પહોંચ્યા




ગાંધીનગર, તા.૧૧

સમાજ માટે ચેતવણીરૂપ વધુ એક કિસ્સો ધ્યાને આવવા પામ્યો છે. પંચમહાલના હાલોલ વિસ્તારમાંથી એક વૃદ્ધાને પરિવારના સભ્યોએ ઘરેથી હાંકી મુકતા સામાન લઈને આમથી તેમ ફરતા વૃદ્ધા ગાંધીનગર નજીક લોદરા પાસે આવી પહોંચ્યા હતા. બેઘર બનેલા લાચાર વૃદ્ધાને જોઈને કોઈ સ્થાનિકે ૧૮૧ અભયમમાં ફોન કરી મદદ કરવા માંગ કરી હતી.

૧૮૧ અભયમની એક ટીમ તાત્કાલિક લોદરા ગામે પહોંચી ગઈ હતી. લાચાર વૃદ્ધાને મળીને સાંત્વના આપ્યા બાદ તેમની આખી કહાની સાંભળી કાઉન્સલીંગ પુરું પાડયું હતું. વૃદ્ધાને તેમના જ પરિવારના સભ્યોએ હાલોલના ઘરેથી સામાન સાથે હાંકી કાઢવામાં આવ્યા હોવાનું વૃદ્ધાનું કહેવું હતું. વૃદ્ધાએ અભયમની ટીમને કહ્યું કે તેમને ઘરે હવે પરત જવું નથી. વૃદ્ધાએ વૃદ્ધાશ્રમમાં રહેવાની ઈચ્છા વ્યકત કરતા તેમનું કાઉન્સીલીંગ બાદ વરસોડા ખાતે આવેલા વૃન્દાવનધામ વૃધ્ધાશ્રમમાં લઈ જઈ આશરો આપવામાં આવ્યો છે.



ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વિહાર ગામે ગ્રામજનો તથા ગામની પરમેશ્વર ઈંગ્લીશ હાઈસ્કૂલમાં જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં ટીબી રોગ અંગે જાગૃતિ આવે તે હેતુથી રોગ અંગેની પુરી માહિતી સાથે ટીબી રોગના લક્ષણો, નિદાન અને સારવાર અને માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત લેપ્રેસી, એચઆઈબી મેલેરિયા જેવા રોગો અંગે પણ પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના કેયુર જયસ્વાલ, જયેશ ઓઝા, હિતેન્દ્ર પટેલ વગેરેએ ગ્રામજનો-વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું.





ગાંધીનગરના ઈન્દ્રોડા ખાતેના શ્રી રાજેશ્વરી ઈન્દ્રાણી માતાજીના મંદિરના શિખર પ્રતિષ્ઠા મહોત્સવમાં તા. ૧૦મી ડિસેમ્બરે પ્રારંભ થયેલ યજ્ઞની તા. ૧૧મી ડિસેમ્બરે પૂર્ણાહુતિ થઈ હતી. આ સાથે મહોત્સવમાં પ્રારંભે જળયાત્રા, શોભાયાત્રા, વાસ્તુપૂજન, હોમ અર્ચન વિધિ, સાયં પૂજા આરતી જેવા પ્રસંગો ઉજવાયા હતા તથા સમાપન દિને દેવતાઓનું પૂજન, જલાધિવાસ, મહાસ્તવન, શિબિર અભિષેક, મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તથા પધરામણી અને શ્રીફળ હોમવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં અનેક સંતો-મહંતો સહિત ભાવિક ભકતો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ચૂંટણી ટાણે સે-૨૨માં સ્ટ્રીટ લાઈટ ૪ માસથી બંધ રહેતા આક્રોશ

ગાંધીનગર, તા.૧૧

સેકટર-૨૨માં છેલ્લા ૪ માસથી વધુ સમયથી સ્ટ્રીટ લાઈટો બંધ છે. સમારકામને કારણે સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાથી પ્રજાને હાડમારી પહોંચે છે. રાત્રે ટયુશનમાંથી આવતા બાળકો ભયભીત રહે છે, તેમજ રખડતા ઢોરને કારણે નાના મોટા અકસ્માતનો ડર રહે છે. આ સિવાય ગુનાખોરીને પણ ઉત્તેજન મળે તેવી દહેશત છે. ચૂંટણીના માહોલ વચ્ચે આ બાબતની ગંભીર અસરો પડી શકે છે. આ વીજપુરવઠો ચાલુ કરવા માટે વસાહતીઓએ કાર્યપાલક ઈજનરશ્રીને લેખિતમાં જાણ કરેલ છે સાથે સાથે કલેકટરશ્રી, મનપાના મેયર તથા કમિશનરશ્રીને પણ જાણ કરેલ છે. નગરપતિ પ્રવિણભાઈ પટેલે પણ સરકારમાં ઉગ્ર રીતે લેખિતમાં રજુઆત કરેલ છે. પરંતુ પાટનગર યોજના વિદ્યુત વિભાગની લાપરવાહીથી પ્રજા તંગ આવી ગયેલ છે. જેનો આગામી ચૂંટણીમાં પડઘો પડે તેવા એંધાણ વર્તાય છે.

## ચિરવિદાય

- સ્વ. મંજુલાબેન નવીનચંદ્ર જોશી, ઉ.વ. ૭૭
- સ્વ. બાબુજી શિવાજી સોલંકી, ઉ.વ. ૬૫
- સ્વ. જયંતિભાઈ સોમાભાઈ નાયી, ઉ.વ. ૭૩
- સ્વ. સુભાષચંદ્ર જશભાઈ દેસાઈ, ઉ.વ. ૭૭

# અડાલજની વાવ ખાતે મતદાન જાગૃતિના અનેરા કાર્યક્રમો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાની અડાલજની વાવ ખાતે માણેકબા કૃષિ વિદ્યાલય અને માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો દ્વારા મતદાન જાગૃતિ અંગે રેલી, શેરી નાટક, ચૂંટણી અંગેના ગરબાઓ અને લોક ડાયરાના અનેરા ક્રાર્યક્રમો દ્વારા વધુ મતદાન થાય તે માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સ્થાનિક લોકો-વિદ્યાર્થીઓ સહિત એક હજાર જેટલી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સતિશ પટેલે ઉપસ્થિત રહી મતદાન જાગૃતિના આ અનેરા કાર્યક્રમમાં વધુ મતદાન થાય તે માટે અપીલ કરી હતી. અડાલજ ખાતે મતદાન જાગૃતિના બેનરો સાથેની વિદ્યાર્થીઓની વિશાળ રેલીને જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલે લીલી ઝંડી ફરકાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. અડાલજની વાવ ખાતે મતદાન જાગૃતિના વિવિધ પ્લે કાર્ડ સાથે મહિલા અને વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિના ગરબાઓ રમીને ઉપસ્થિત લોકોને મતદાન માટે અપીલ કરતો સુંદર કાર્યક્રમ રજૂ કર્યો હતો. અડાલજની વાવની મુલાકાતે આવેલા વિદેશી પ્રવાસીઓ તથા અન્ય મુલાકાતીઓ પણ મતદાન







જાગૃતિ અભિયાનમાં સહભાગી બન્યાં હતાં. લગ્નગ્રંથીથી જોડાવવા માટે જઈ રહેલ વરરાજા પણ આ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતાં. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી અને સ્વીપ પ્લાનના નોડલ ઓફિસરશ્રી એસ.એમ.બારડ સહિત વિશાળ સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.